ગાંધીનગર સમાચાર
તા. ૧-૨-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### કોંગ્રેસમુક્ત ભારત કે કોંગ્રેસયુક્ત ભાજપ!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું ભારતને વિશ્વગુરુ બનાવવા પૂર્વે 'કોંગ્રેસમુક્ત' કરી દેવાનું છે. તેઓ ચૂંટણીપ્રચાર દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો હવાલો આપીને કહેતા રહ્યા હતા કે બાપુએ કોંગ્રેસને વિખેરી નાખવાનો અભિપ્રાય આપેલો, પણ કોંગ્રેસીઓ સત્તાભૂખ્યા હતા એટલે એમને એમની સલાહ માની નહોતી. જો આ વાત સાચી હોય તો એકલા પંડિત જવાહરલાલ નહેરુને જ નહીં, પરંતુ એમના નાયબ તરીકે પદભાર સ્વીકારનારા સરદાર પટેલને પણ લાગુ પડે! નરેન્દ્ર મોદી 'સવાઇ ગાંધીભક્ત' છે એટલે તેઓ રાષ્ટ્રપિતાનું અધૂરું રહી ગયેલું કોંગ્રેસ વિખેરી નાખવાનું સપનું એમના સ્વદેશાગમનની શતાબ્દીએ પૂરું કરી દેવાનાં મૂડમાં લાગે છે. છેલ્લે યુપીએ સરકારમાં પર્યાવરણ અને વનમંત્રી રહી ચૂકેલાં તમિળ નેતા જયંતી નટરાજનને કોંગ્રેસ બહાર ખેંચી કાઢીને મોદીએ માસ્ટર સ્ટ્રોક મારવાનો પ્રયાસ કર્યો છે. ક્યારેક રાહુલ કે સોનિયાનાં પાળેલાં પોપટની જેમ નરેન્દ્ર મોદી વિરુદ્ધ બખાળા કરતાં રહેલાં તમિળ સુંદરી હવે એમના જૂના નેતાઓનાં ષડ્યંત્રોનો પદાર્ફાશ કરશે! ચાર પેઢીઓથી કોંગ્રેસનો લાભ લેતાં રહેતાં શ્રીમતી નટરાજને સત્તા બહાર થઇ ગયા પછી કોંગ્રેસની સાચી ઓળખ સાંપડી છે તે લોકોને ગળે ઉતરી શકશે ખરું? આ રૂપાળા સન્નારીને રાહુલ ગાંધીના દબાણને કારણે મનમોહનસિંહે મંત્રીમંડળમાંથી રાજીનામું આપવા જણાવ્યું હતું. કોંગ્રેસમાં નવી અને સ્વચ્છ નેતાગીરીના પ્રતીક તરીકે ઊપસી રહેલા યુવરાજે ભ્રષ્ટ કોંગ્રેસીઓને સરકારમાંથી ખસેડી સંસ્થાના કાર્યમાં જોતરવાનો અભિગમ અપનાવ્યો હતો. વન-પર્યાવરણ જેવા ખાતાની મંજૂરી વિના મોટા ઉદ્યોગો-પ્રોજેક્ટોનું કામ જયંતીના નો ઓબ્જેકશન સર્ટિફિકેટ વગર આગળ નહોતું વધી શકતું. કહેવાય છે કે ઉદ્યોગગૃહોને આવી મંજૂરી મેળવવા અલગથી 'જયંતી ટેક્સ' ચૂકવવો પડતો હતો જે ઉઘરાવી લેવા માટે એમનાં ઓફિસર ઓન સ્પેશિયલ ડયૂટી ગાયત્રીદેવી અથવા એમના ભાઇ યુવરાજને અધિકૃત કરાયા હતા. તમિલનાડુમાં જયલલિતા હોય, કનીમોઝી હોય કે એ. રાજા હોય જયંતી નટરાજન - આ તમામ નેતાઓ (ચિદંબરમ્ સુદ્ધાં) આવું ઉઘરાણું કરતા રહેતા હોવાનું સર્વવિદિત છે. નરેન્દ્ર મોદીની પ્રશંસા કરનારા ચિદંબરમ્ પુત્ર કીર્તિ અને હવે જયંતી કદાચ ભવિષ્યમાં ભાજપમાં જોડાઇ જશે અથવા વાસનના પ્રાદેશિક પક્ષ તમિલ મનીલા કોંગ્રેસમાં પ્રવેશી ભાજપ સાથે જોડાણ કરશે. ભારતને કોંગ્રેસમુક્ત કરવાના ધખારામાં વડાપ્રધાન અને ભાજપ અધ્યક્ષાની ગુજરાતી જુગલજોડી ભાજપને 'કોંગ્રેસયુક્ત' કરી દેશે, એવું નથી લાગતું?



## તેલંગાણા ખાતે યોજાયેલ હેન્ડબોલ સ્પર્ધામાં સાઈની ટીમે સિલ્વર મેડલ મેળવ્યો : ફાઈનલમાં હરિયાણા સામે ૧૩-૧૨થી હાર

તેલંગાણા રાજ્યના મનચુથિલ શહેર ખાતે ૩૭મી સબ જુનિયર નેશનલ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં સ્પોટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ગાંધીનગર અંડર-૧૫ની બહેનોની ટીમે સિલ્વર મેડલ મેળવી ગૌરવ વધાર્યું છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગાંધીનગરની અંડર-૧૫ બહેનોએ ૩૭મી સબ જુનિયર નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેલંગાણા રાજ્યના મનચુથિલ શહેરમાં તા. ૧૮ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાની ફાઈનલ હરિયાણા અને ગુજરાતની ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં ગુજરાતની ટીમ હરિયાણા સામે ૧૩-૧૨ થી પરાજિત થતા સિલ્વર મેડલ મેળવ્યો છે. સ્પર્ધામાં કુ. સુદેશ, કુ. અંજૂ, કુ. પંકજ, કુ. રામભટેરી, કુ. નલીની, કુ. તન્મયી અને કુ. અંજુ પુનિયાએ ભાગ લીધો હતો.

## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા સંમેલન યોજાયું

### સંમેલનમાં યુવા કૃતિ પ્રદર્શન યોજાયું : ગ્રામ્ય વિસ્તારના ૬૦ જેટલા યુવક મંડળોને રમતગમતના સાધનોનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધી નિર્વાણ દિને સે-૧૬માં આવેલ યુથ હોસ્ટેલ ખાતે યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં યુવા કૃતિ પ્રદર્શન યોજાયું અને ગ્રામ્ય વિસ્તારના યુવક મંડળોને રમત ગમતના સાધનોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શહીદ દિને યોજાયેલ આ સંમેલનમાં મુખ્ય મહેમાન પદે ઠાકોર-કોળી વિકાસ નિગમના મેનેજીંગ ટ્રસ્ટી જશવંતભાઈ ગાંધી, માહિતી ખાતાની પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, લઘુ ઉદ્યોગના ડેપ્યુટી ડાયરેકટર આર.કે. ભારતી, એમ.એસ.એસ.ઈ.ના અધિકારી રાજેશકુમાર, યુવક સેવા અને રમતગમતના યુવા બોર્ડ અધિકારી સંજયભાઈ પંડયા, યુવા દિશા કેન્દ્રના પ્રમુખ સંજીવ મહેતા, યુવા અગ્રણી નિશિથ વ્યાસ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંજયભાઈ પટેલ, કેવીઆઈસીના સુરેશભાઈ સોની અને જયેશભાઈ ચૌધરી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના પ્રારંભે બે મિનિટનું મૌન પાળી મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ 'વૈષ્ણવજન તો તેને રે' ભજન ગાવામાં આવ્યું હતું.



નહેરુ યુવા કેન્દ્રના યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથારે આ યુવા સંમેલનનો ઉદ્દેશ, યુવા કેન્દ્રની

● અનુસંધાન પાના - ૭ પર

## આજે સેક્ટર-૮ ખાતે નિ:શુલ્ક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૩૧

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર સેક્ટર-૮ દ્વારા નિ:શુલ્ક બોડી ચેકઅપ કેમ્પ યોજવામાં આવશે. આજ રોજ રવિવાર સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર-૮ ખાતે યોજાશે. જેમાં ડેન્ટીસ્ટ, ઓર્થોપેડિક, આયુર્વેદિક નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ ઉપસ્થિત રહેશે.

## બોરીજ સ્કૂલમાં પ્રજાસત્તાક દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧

શહેરની સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે ૨૬મી જાન્યુઆરીના દિવસે ૬૬મા ગણતંત્રની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એસએમ.સી.ના અધ્યક્ષ, સભ્યો વિશાળ સંખ્યામાં ગ્રામજનો તેમજ લાયન્સ ક્લબના સભ્યો હાજર રહ્યા હતા. લાયન્સ ક્લબના પ્રમુખશ્રી જશવંતસિંહ રહેવરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ રાખવામાં આવેલ.

શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. શાળાના ૧૦૦ બાળકોએ જિલ્લાકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં પરેડ ગ્રાઉન્ડ ખાતે પણ ભાગ લીધો હતો. ઉત્સાહભેર ભાગ લીધેલ બાળકોને ગ્રામજનોએ પ્રોત્સાહિત કર્યા હતા. તેમાં બોરીજ ભવન તરફથી રૂ. ૫૦૦૦નું દાન મળેલ, હિતેશભાઈ પરમાર તરફથી શૈક્ષણિક કીટ, લાયન્સ ક્લબ દ્વારા જિલ્લાકક્ષાએ ભાગ લેનાર ૧૦૦ બાળકોને ટીશર્ટ ભેટ આપવામાં આવ્યા હતા. બાળકોને ચોકલેટ, બિસ્કીટ પણ આપવામાં આવેલ. કાર્યક્રમ ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




શ્રીમાન, અમારા મેરેજ ડિઝાઈનરે મેડીકો-થીમ બેઝ ફુડ - પીરસવાનું નક્કી કર્યું છે... તમને અને ભાભીને જે રોગ હોય તે કાઉન્ટર પર પહોંચી જાવ...!!

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પ્લેસમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તેના ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટ્યુટ ઈન્ટરેકશન સેલ તથા ભારતની નામાંકિત કંપની ટીસીએસનાં સંયુક્ત ઉપક્રમે બી.પી. કોલેજ ઓફ બી.બી.એ.નાં કેમ્પસમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન, એ.એ. પટેલ કોમર્સ કોલેજ, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ તથા મધુબેન પોપટલાલ કોમર્સ કોલેજ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, કડીનાં સમેસ્ટર-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટમાં ૧૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૪૪ વિદ્યાર્થીઓ એપ્ટીટ્યુડ ટેસ્ટમાં પસંદ પામ્યા હતા અને તેમાંથી અંતિમ તબક્કામાં ૧૪ ચુનંદા વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા.

ટીસીએસ જેવી નામાંકીત કંપનીમાં પસંદગી પામવા બદલ વિદ્યાર્થી આલમમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમનું આયોજન થાય તેવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ નોકરી માટેની તક પુરી પાડવામાં આવી છે જે માટે વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ વિદોએ તેની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે આજના હરીફાઈનાં યુગમાં નોકરી મેળવવામાં કરવા પડતા સંઘર્ષમાં યુનિવર્સિટીએ દિવાદાંડીરૂપ કાર્ય કર્યું છે.

## સાહિત્યકાર ડો. કેશુભાઈ દેસાઈના દક્ષિણ ગુજરાતમાં વ્યાખ્યાનો યોજાયાં

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નિવાસી વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ તા. ૨૮ થી તા. ૩૦ જાન્યુઆરી દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી અને ડાંગ જિલ્લા ખાતે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને પર્યાવરણ જેવા વિષયો પર હૃદયસ્પર્શી વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઉનાઈ, સુબીર (જિ. ડાંગ), આહવા વગેરે મથકો પર યોજાયેલ એમનાં વ્યાખ્યાનોમાં ભારતીય સંસ્કૃતિએ વિદેશી સંસ્કૃતિઓ કેવી રીતે આત્મસાત્ થઈ ગઈ છે, તે મુખ્ય સૂર રહ્યો હતો. મિશનની શાળાઓમાં અને છાત્રાલયોમાં યોજાયેલાં આ વ્યાખ્યાનોમાં કેથોલિક ચર્ચ સાથે સંકળાયેલા સંન્યાસીઓ, સાધ્વીઓ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લેખકની સાહિત્યયાત્રા સંદર્ભે પ્રશ્નોત્તરી પણ માણી હતી. સુબીર ખાતે ડૉ. કેશુભાઈ દેસાઈએ પૌરાણિક શબરીધામ અને પંપા સરોવરની મુલાકાત લીધી હતી અને તે પંથકની નવી પેઢીને એની ભવ્ય પ્રાચીન પરંપરા બદલ ગૌરવ અનુભવવાની પ્રેરણા આપી હતી. ડૉ. કેશુભાઈ દેસાઈની વ્યાખ્યાન શ્રેણીના આયોજક અને ગુજરાતીમાં લેખનકાર્ય કરતા મૂળ મલયાલમ ભાષી સારસ્વત ફાધર વર્ગીસ પોલે ડૉ. કેશુભાઈ દેસાઈને 'હરતી ફરતી યુનિવર્સિટી' કહી બિરદાવ્યા હતા. આ તમામ વ્યાખ્યાનો દરમિયાન મિશનની શાળાઓના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરાયું હતું. આ ત્રિદિવસીય સાહિત્યિક પ્રવાસમાં ફાધર વર્ગીસ પોલ ઉપરાંત વિવિધ તબક્કે ફાધર અમલરાજ, ફાધર રોની, ફાધર ફ્રેડી, ફાધર રોબર્ટ, ફાધર લાઝરસ, ફાધર પીટર, ફાધર જેસુરાજ, ફાધર રફાયેલ, ફાધર વિન્સેન્ટ, સિસ્ટર લીલી, પ્રિન્સિપાલ લીલામ્મા, સિસ્ટર એન, સિસ્ટર મારીઆ, ફાધર ઈગ્નાસિયો ગાલ્દોસ અને ફાધર અશોક તથા સિસ્ટર લીસી જોડાયાં હતા. ડૉ. કેશુભાઈ દેસાઈનાં સાંસ્કૃતિક વ્યાખ્યાનોમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ વિચારોને આત્મસાત્ કરતી અપરાજેય ભારતીયતાનો મહિમા સાંભળી શ્રોતાવૃંદ મંત્રમુગ્ધ થઈ ગયું હતું.

# ડાઉનલોડનો ડોરલિયો વરસાદ : ટચ, ટેપ એન્ડ એન્જોય...!!!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

અચાનક મુડ બની ગયો ફિલ્મ જોવાનો પણ થીયેટર પર પહોચીને હાઉસફુલ હોય તો? કે પછી મનગમતી સીટ ના મળે તો ફિલ્મ જોવાની મજા મરી જાય ...ઉકેલ ફક્ત આંગળીના ટેરવે હાજર છે... કરો મોબાઈલની સ્ક્રીન પર એક ટેપ અને એયને ફટાફટ મનગમતી સ્ક્રીન અને સીટ તમારી ... પૈસા ટ્રાન્સફર કરવા છે પણ છેક બેંક સુધી જવાનો સમય ક્યાં? નો પ્રોબ્લેમ... અગેઇન એક ટેપ અને સરરરર રૂપિયા ઈધર થી ઉધર...ઈમ્પોર્ટન્ટ ઈમેલ માટે પીસી પર જવાની જરૂર નહી ...એક ટેપ અને ફટ રીપ્લાય કે ફોરવર્ડ ફટાફટ... અજાણ્યા શહેરમાં ક્યાં શું હશે? ભૂખ લાગી છે તો આસપાસમાં બેસ્ટ રેસ્ટોરન્ટ કે પછી રોકાવું હોય તો સારી હોટેલ ક્યાં હશે? ગભરાશો નહી એક જ ટેપ પર હાજર છે જે તે શહેરની બધી જ માહિતી ને એ પણ ફોન નમ્બર્સ અને કેટલું દુર છે એની ગણતરી સાથે...મનગમતા વર્તમાનપત્રો, મેગેજીનો અરે લાઈવ ટીવી ચેનલો પણ હાજર ફક્ત એક જ ટેપ કે ટચના ઈશારે ...કમાલ છે ને? યસ્સ આ કમાલ છે મોબાઈલની કે ટેબ્લેટની ટચુકડી કે સહેજ મોટી સ્ક્રીનો પર તમારી સેવામાં સદાય હાજર મોબાઈલ એપ્લીકેશનો યાની કે એપ્પ્સની ...!!!

દુનિયા ડીજીટલી આગળ વધી રહી છે અને એ પણ સુપરસોનિક સ્પીડે. વીજાણુંવિશ્વમાં હવે કોઈ સરહદો નથી, કોઈ અંતર દુર નથી કે નથી કોઈ સગવડ મેળવવી મુશ્કેલ... યસ શરત એક જ કે હોવો જોઈએ એક સ્માર્ટફોન કે પછી ટેબ્લેટ પછી જુઓ આ ટચુકડા એપ્પ્સની કમાલ-ધમાલ. અને જે ઝડપે સ્માર્ટફોન્સની માર્કેટ વધી રહી છે એ જોતા લગભગ દરેક હાથોમાં એક સ્માર્ટફોન આવે એ દિવસો સાવ નજીક છે, એક સર્વે મુજબ ૨૦૨૦ સુધીમાં લગભગ ૯૦ % લોકોના હાથમાં સ્માર્ટફોન્સ રમતા હશે. ટચુકડી સ્ક્રીન પર બધું જ ટેરવાના એક ટચ કે ટેપ પર હાજર. યુ નેમ ઈટ એન્ડ એપ્પ્સ નામનો જીન તમારી બધી જ મનોકામના પૂરી કરવા સદાય તૈયાર અને એ પણ ઓલમોસ્ટ સટીક અને ચોક્કસ રીતે. યસ મોબાઈલ હેન્ડસેટના માર્કેટની સાથેસાથે અત્યંત ઝડપથી કુદકે ને ભૂસકે વધી રહ્યું છે મોબાઈલ એપ્પ્સનું માર્કેટ જો કે આમ જોવા જાવ તો એપ્સ વગરનો સ્માર્ટફોન એટલે પીછા વગરનો મોર...એપ્સ છે તો ફોન સ્માર્ટ છે નહીતર લેન્ડલાઈનમાં ને ફોનમાં કશો જ ફરક નહિ...!

દરેક સ્માર્ટફોનની સાથેસાથે જ ઈનબિલ્ટ એપ સ્ટોર આવે જ છે . દરેક ઓપરેટીંગ સીસ્ટમ (ઓ.એસ.) મુજબ જુદાજુદા નામ, કીમત અને સાઈઝ ધરાવતા સેંકડો એપ્સ આ સ્ટોરમાં ડાઉનલોડ થવા તૈયાર હોય છે. આઈઓએસ ધરાવતા આઈફોન કે એપલની બીજી પ્રોડક્ટ્સમાં એપ સ્ટોર નામે, એન્ડ્રોઈડ ઓએસ (ગુગલ) વાળા ડીવાઈસીસમાં ગુગલ પ્લે નામે, સામ્બિયન ઓએસ (નોકિયા) માં નોકિયા સ્ટોરના નામે , બ્લેકબેરીમાં બ્લેકબેરી વર્લ્ડ જેવા નામે જુદા જુદા ઓએસ વાળા સ્માર્ટફોનમાં એપસ્ટોર લાખો એપ્સ સાથે મોજુદ હોય છે આવા સરળ કરી દેતા અને માગો તે હાજર માહિતી ધરાવતા ટચુકડા એપ્લીકેશનો સાથે. બસ પેલા જાદુઈ ચીરાગને ઘસો ને હુકમ મેરે આકા કરતો જીન પ્રગટ થાય એમ આમાં આ ટચુકડા ચીરાગોને ટેપ કે ટચ કરતા જ એપ્સનો જીન યસ સર કરતો એપીયર થાય.

અત્યારે સ્માર્ટફોનની માર્કેટમાં બે જ મેન્યુફેકચરર અથવા તો ઓએસ નો દબદબો છે, આઈઓએસ (એપલ) અને એન્ડ્રોઈડ (ગુગલ/સેમસંગ) એટલે સ્વાભાવિક છે કે આખીય વાત આપણે આ બે ની આસપાસ જ કરીશું. નોકિયા (સામ્બિયન) કે બ્લેકબેરી (રીમ) લગભગ સ્પર્ધામાં છે જ નહિ અથવા તો જોજનો દુર છે આ બંનેથી. એપસ્ટોરમાં વિવિધ પ્રકારના એપ્સમોજુદ હોઈ છે એને સ્માર્ટફોનમાં ડાઉનલોડ કરવાના હોય છે . મોટાભાગે શરૂઆતમાં એપ્સ ફ્રી ડાઉનલોડ થતા હોય છે જોકે આ બાબતમાં એન્ડ્રોઈડ મેદાન મારી જાય છે કેમકે ગુગલ પ્લે પર મળતા મોટાભાગના એપ્સ લગભગ ફ્રી હોય છે જયારે એપલમાં ફ્રી એપ્સની સંખ્યા ઓછી છે પણ આ ફ્રી આપવું કે પછી પેઈડ રાખવું એ દરેક ઓએસની પોતાની નીતિ મુજબ હોય છે . એન્ડ્રોઈડમાં કોઈ એક એપ લગભગ ૬૦૦૦૦ વખત ડાઉનલોડ થાય છે અને એમાં એપની ડાઉનલોડ કીમત એવરેજ ૧૧ રૂપિયા છે જયારે એપલમાં એક એપ સરેરાશ લગભગ એટલી જ વખત ડાઉનલોડ થાય છે પણ અહી ફર્ક છે કીમતનો. કેમકે એપલમાં એક એપની સરેરાશ ડાઉનલોડ કીમત છે લગભગ ૮૦ રૂપિયા. આ તફાવતને લીધે જ ગુગલ પ્લે એપ્સ ડાઉનલોડમાં નમ્બર વન છે અને એપસ્ટોર બીજા નંબરે. પણ રેવન્યુમાં એપલ અગલ છે ડ્યુ ટુ એના વધુ પડતા પેઈડ એપ્સ, જો કે બંને સ્ટોરમાં મળતા એપ્સની સંખ્યા લગભગ સરખી જ છે, અંદાજે ૧૫ લાખ!!!

કોઈ પણ ઓએસ કે મોબાઈલના વેચાણના આકડાઓમાં આ એપ્સની કમાણી નોંધપાત્ર હોય છે . હમણાં જ સમાચાર આવ્યા એ મુજબ મોટી સ્ક્રીનના આઈફોન-૬ ના ધરખમ વેચાણને લીધે ડીસેમ્બર ૨૦૧૪માં પુરા થયેલા ત્રીજા ક્વાટરના અંતે એપલે ઐતિહાસિક નફો હાસિલ કરી બધાને ચોકાવી દીધા આ ધરખમ નફામાં એપ્સનો પણ અગત્યનો ભાગ છે એવું ખુદ એપલના નાણાકીય અહેવાલમાં જણાવ્યું છે. વાત પણ સાચી છે કેમકે ડીસેમ્બર સુધીમાં દરરોજ ડાઉનલોડ થતા એપ્સની સંખ્યા પ્રથમવાર ૮૦ લાખને પાર કરી ગઈ જે નવેમ્બર ૨૦૧૩ કરતા અધધધ ૪૨ વધારે છે. હવે આગળ કહ્યું એમ એપલમાં મોટાભાગના એપ્સ પેઈડ છે એટલે સ્વાભાવિક છે કે આ ૪૨ વધારાનો એપલના ઐતિહાસિક નફામાં પણ ભાગ થયો. સામે છેડે સેમસંગ (ગુગલ પ્લે)ની એપ્સના વેચાણમાં ઘટાડો નોંધાયો છે જો કે એનું એક કારણ ગુગલમાં મળતા મોટાભાગના ફ્રી એપ્સ અને પેઈડ એપ્સની નિમ્ન કિમતો પણ છે .જો કે હવે એ કિમતો પણ વધી શકે છે કેમકે એપલે પોતાના એપ્સની નીચામાં નીચી ડાઉનલોડ કીમતમાં વધારો કરીને ૬૪માંથી ૭૪ રૂપિયા કરી નાખેલ છે એટલે હવે બાકીના સ્ટોર પણ વધારો તો કરશે જ.

ઘણાને મફતિયા એપ્સ ડાઉનલોડ કરતી વખતે વિચાર આવતો હશે કે આમાં કંપની કમાતી શું હશે? પણ કહેવાય છે ને કશું મફત નથી હોતું આ જગતમાં એ જ રીતે મફત મળતા એપ્સમાં પણ છુપી રીતે એક કમાણીની કારીગીરી સામેલ છે અને એને કહેવાય છે ઈન-એપ્સ એડ્સ અથવા તો ઈન-એપ પરચેસ... તમે જોયું હશે કે એપ્સની અંદર નીચે કે પછી વચ્ચે વચ્ચે કોઈ એડ આવી જતી હોય છે...પછી ચાહે એ કોઈ બીજા એપ્સની હોય, ન્યૂસ ની હોય, ગેમની હોય કે પછી વેપારની હોય ...અહી ક્લિક કરો ને ત્યાં ક્લિક કરો એવું સુચન વારંવાર કરતી આ એડ્સ એ ફ્રી એપ્સની કમાણી છે. ઘણા બધા વપરાશકારો આ એડ્સ પર ક્લીક કરે છે જે તમને બીજા પેઈડ એપ્સ પર લઈ જાય છે અને સરવાળે વેપાર શરુ થઈ જાય છે. એક અહેવાલ મુજબ ટીવી અને પ્રિન્ટ મીડિયા પછીનું સૌથી મોટું એડ બાઝાર આ એપ્સમાં આવતી જાહેરાતો બનવા જઈ રહ્યું છે. એડની માર્કેટમાં લગભગ ૨૦ % જેવો શેર ધરાવતું આ ઈન-એપ્સ એડનું માર્કેટ એકદમ હાથવગું , સૌથી વધુ લોકો સુધી પહોચતું અને વધુ સસ્તું છે એમાં નાં નહિ. મોટાભાગે મફત મળતા એપ્સમાં આ ઈન-એડ વધુ જોવા મળે છે અને જો તમારે વારેવારે ખલેલ પાડતી આ એડથી બચવું હોય તો પાછું એડ-ફ્રી એપ તૈયાર જ હશે પણ એના માટે તમારે ફદીયા ઢીલા કરવા પડે... છે ને મફતના નામે મસ્તીની રોકડી કરવાની કળા!

મોટાભાગના એપ્સ ડેવલોપર એપ્સને શરૂઆતમાં મફત જ રાખતા હોય છે અથવા તો ખાસ કરીને ગેમના એપ્સમાં અમુક લેવલ સુધી તમને મફત રમવા મળે પણ પછી આગળ માટે તરત રૂપિયાની ઉઘરાણી શરુ કરી દે. તમને બધાને સ્વાભાવિક એ જાણવામાં વધુ રસ હશે કે ક્યાં પ્રકારના એપ્સ વધુ ડાઉનલોડ થાય છે તો હાજર છે એક રસપ્રદ સર્વેક્ષણ. જો કે આમાં ધારણા કરવાની જરૂર જ નથી કેમકે સર્વાનુમતે દરેક સ્ટોર પરથી સૌથી વધુ ડાઉનલોડ થતું એપ્સ છે ગેઈમ્સ. યસ રમતોના એપ્સ સૌથી વધુ ડાઉનલોડ સાથે નમ્બર વન છે અને એના પછીના સ્થાનો પર છે સોશિયલ નેટવર્કિંગ અને મ્યુઝીકના એપ્સ. એટલે તો ૨૦૧૪માં ફેસબુકનું એપ સૌથી વધુ ડાઉનલોડ સાથે નમ્બર વન હતું . ને આમેય એક સર્વે મુજબ લોકો મોબાઈલ પર જે સમય સ્પેન્ડ કરે છે એમાં ટકાવારી મુજબ જોઈએ તો ૪૨ % રમતો રમવામાં , ૨૩ % ફેસબુક જેવી શોશિયલ સાઈટ્સ પર અને ૧૩ % જેવું સંગીત સાંભળવામાં હોય છે.

એપ્સની પસંદગી દરેક વપરાશકાર મુજબ અલગ અલગ હોય છે. એક સર્વે મુજબ સ્માર્ટફોનમાં એવરેજ ૩૦ એપ્સ હોય છે અને એ વપરાશકાર પર નિર્ભર છે કે એને ક્યાં એપ્સ વાપરવા છે અથવા ક્યાં એપ્સની વધુ જરૂર છે પણ એક હકીકત છે કે લગભગ ૭૦ જેવા લોકો એવા એપ્સ વધુ ડાઉનલોડ કરે છે કે જેનાથી એમની જિંદગી વધુ સરળ બને આમાં ટ્રાવેલ, બિજનેસ ,બેન્કિંગ કે મનોરંજનને લગતા એપ્સનો સમાવેશ વધુ થાય છે. દુનિયા ગઈ તેલ લેને આઈ મીન એપ લેને આપણને તો એ જાણવામાં રસ હોય ને કે વિ ધ ઈન્ડિયન્સ સૌથી વધુ ક્યાં એપ્સ વાપરીએ છીએ? તો આ રહ્યા આંકડાઓ - ૩-૫ કલાક રોજ મોબાઈલ પર ગાળતા ભારતીયની સરેરાસ ઓલમોસ્ટ ૫૦ % છે એવા સમયે ૨૦૧૪માં સૌથી વધુ વપરાયેલા એપ્સ આ મુજબ છે - હાઈક (મેસેજિંગ) , પેટીએમ (ઓનલાઈન શોપિંગ), ફ્લીપકાર્ટ (ઓનલાઈન શોપિંગ) , બુક માય શો (મનોરંજન), ઝોમેટો (રેસ્ટોરન્ટ ગાઈડ), ઓએલએક્સ (બેચ દો) વગેરે વગેરે. ૨૦૧૪નાં ટોપ ૨૦ એપ્સમાં રસપ્રદ એ છે કે ઉપર લખી એ સિવાય માયન્ત્રા અને સ્નેપડીલ જેવી વધુ બે ઓનલાઈન શોપિંગ એપ્સ પણ છે. આ સિવાય અન્ય ટોપ યુઝડ એપ્સમાં આઈઆરસીટીસી, ઓલા કેબ અને રેડબસ જેવી ટ્રાવેલ એપ્સ પણ છે તો થોડો શેર એનડીટીવી અને ન્યુઝ હન્ટ જેવી સમાચાર પીરસતી એપ્સનો પણ છે એ જ રીતે ધીરેધીરે બેન્કીંગ અને શેર માર્કેટના એપ્સની સંખ્યા પણ વધતી જાય છે. ગેમ્સ ને મ્યુઝીક જેવા જનરલ એપ્સની સાથે સાથે હવે પર્સનલ એપ્સની સંખ્યા પણ વધતી જાય છે. રાજય સરકારો, કેન્દ્ર સરકારના વિભાગોથી લઈને હોટેલ્સ, શોપિંગ, ફૂડ સ્ટોર દ્વારા પોતાના ખુદના એપ્સ લોન્ચ થાય છે.

ઉપર લખ્યો એ એક જનરલ ખ્યાલ છે ભારતીય વપરાશકારોનો પણ વિશ્વના અન્ય યુઝર્સના એપ્સ સાથે સરખામણી કરો તો ઉડીને આખે વળગે એવી અને એકદમ સરળ વાત એ છે કે મોટાભાગના વપરાશકારો આપણે પહેલા પેરેગ્રાફમાં લખ્યું એ મુજબની સર્વિસીસ માટેના એપ્સ ડાઉનલોડ કરવાનું વધુ પસંદ કરે છે . યસ ગેમ્સ અને મેસેજિંગના એપ્સ સૌથી વધુ હીટ હોય એ સ્વાભાવિક છે પણ જયારે પૈસા ખર્ચીને એપ્સ ડાઉનલોડ કરવાની વાત આવે ત્યારે મોટાભાગે રોજબરોજમાં ઉપયોગી એપ્સ જ ડાઉનલોડ થવાના... દિવસેને દિવસે નીતનવા એપ્સ માર્કેટમાં આવતા જાય છે , દુનિયા ધીમેધીમે મોબાઈલની ટચુકડી સ્ક્રીનથી ઓપરેટ થતી જાય છે અને એમાં આ એપ્સનો ફાળો મહત્તમ છે એટલે દિવસેદિવસે એપ્સ ડેવલોપ કરવાની માર્કેટ પણ કુદકેને ભુસકે વધી રહી છે. દરરોજ ડેવલોપરો નીતનવા એપ્સ બજારમાં ઠાલવતા જાય છે. મોબાઈલ એપ્સનું માર્કેટ ભારતમાં ૨૦૧૫ના અંત સુધીમાં ૨૬૦૦ કરોડને આંબી જવાનું એવી ધારણા છે કેમકે ભારતની ૬૫ % વસ્તી ૩૫ વર્ષની આસપાસની છે અને મોટાભાગના ટેક સેવી અને નવિ જાણકારીના શોખીનો છે . એપ્સ ડેવલોપરો પોતપોતાના એપ્સને ટોચ પર રાખવા માટે કે પહોચાડવા માટે નીતનવા અપડેટ કર્યા કરે છે. વધુમાં વધુ વાર ડાઉનલોડ થવાની હરીફાઈ ચાલે છે અને આ બધામાં સરવાળે ફાયદો યુઝર્સને જ થાય છે. આધુનિક, સ્ટાઈલીસ્ટ અને વધુ માહિતીઓનો ડેટાબેઝ ધરવતા એપ્સને લીધે ફોનની સાથે સાથે યુઝર પણ સ્માર્ટ થતો જાય છે . જેમ મોબાઈલ આવતા પીસીનો વપરાશ ઓછો થતો જાય છે તેમ ધીરેધીરે એપ્સનો વપરાશ ચોક્કસ માહિતી માટે કરતા ઈન્ટરનેટના વપરાશને પણ ઓછો કરી નાખશે એ દિવસો દુર નથી . દુનિયા નાની થતી જાય છે એ જ રીતે હાથવગી થતી જાય છે ગમે ત્યાની , ગમે તે અને મનચાહી માહિતી... થેન્ક્સ ટુ એપ્સ!!!